# માવઠા બાદ ડાંગમાં ફરી કાળઝાળ ગરમી

**વઘઇમાં** તાપમાન 42 C પાર, સાપુતારામાં પણ ગરમીની અસરો

**આરોગ્ય** વિભાગની સાવચેતી રાખવા અપીલ




ગિરિશ ભોયે

સાપુતારા : દક્ષિણ ગુજરાતનાં પ્રવેશદ્વાર ગણાતા ડાંગ જિલ્લામાં કમોસમી વરસાદ બાદ ફરી એકવાર કાળઝાળ ગરમીનું મોજું વકરી રહ્યુ છે. બે દિવસ અગાઉ વાદળછાયું વાતાવરણ અને કમોસમી વરસાદ પડતા લોકોને ગરમીમાંથી થોડોક રાહત અનુભવાઈ હતી, પરંતુ હાલ તાપમાનમાં સતત વધારો નોંધાતા સ્થાનિક રહીશો તેમજ પ્રવાસીઓ ભારે ઉકળાટનો સામનો કરી રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં તાપમાન રેકોર્ડ સ્તરે પહોંચી રહ્યું છે. વઘઈ વિસ્તારમાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે સામાન્ય કરતા ઘણું વધારે છે. તીવ્ર તડકાને કારણે બપોરના સમયે રસ્તાઓ સુમસામ જોવા મળી રહ્યા છે.

સુબીર પંથકમાં તાપમાન 39 ડિગ્રી સુધી પહોંચ્યું છે, જ્યારે જિલ્લા મથક આહવામાં 40 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. પહાડી વિસ્તાર હોવા છતાં આટલું ઊંચું તાપમાન ચિંતાજનક માનવામાં આવી રહ્યું છે. ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન તરીકે જાણીતા સાપુતારામાં પણ ગરમીનો પ્રભાવ જોવા મળી રહ્યો છે, જ્યાં તાપમાન 38 ડિગ્રી સુધી નોંધાયું છે, જે પ્રવાસીઓ માટે આશ્ચર્યજનક છે. વધતા તાપમાનને કારણે જંગલ વિસ્તારોમાં પણ લૂ જેવી પરિસ્થિતિનો અનુભવ થઈ રહ્યો છે. ખાસ કરીને વઘઈ અને આહવા વિસ્તારમાં લોકો બપોરના સમયે બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. હાલ ડાંગ જિલ્લામાં 'હેઝી સનશાઈન' એટલે કે ધૂંધળા તડકાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે, જેના કારણે બફારો અને અકળામણ વધી રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોને વધુ પ્રમાણમાં પાણી પીવા, સીધા સૂર્યપ્રકાશથી બચવા અને અનાવશ્યક બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી છે.

### બાપ રે ગરમી, કાળઝાળ ગરમીથી બચવા છત્રી કામ લાગી



વલસાડમાં તાપમાન વધુ હોવાને કારણે મોટે ભાગના લોકો બપોરના સમયે કામ વગર ઘરની બહાર નીકળવાની ટાળી રહ્યા છે. જ્યારે કામાર્થે નીકળનારાઓને ગરમીથી બચવા છત્રીનો ઉપયોગ કરવો પડી રહ્યો છે. વલસાડના સ્ટેડિયમ રોડ પર માતા-પુત્રી ગરમીથી બચવા માટે છત્રીનો સહારો લઈ પસાર થતી કેમેરાની આંખે ઝીલાઈ હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### બીલીમોરા ગાયત્રી શક્તિપીઠનો ૪૧'મો પાટોત્સવ ભક્તિભાવ સાથે ઉજવાયો



કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા સોમનાથ સંકુલ નજીક વેદમાતા ગાયત્રી શક્તિપીઠનો ૪૧'મો પાટોત્સવ મંગળવારે ભક્તિભાવ અને આધ્યાત્મિક ઉર્જા સાથે ઉજવાયો હતો. પાટોત્સવના મુખ્ય આકર્ષણરૂપે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞમાં ભક્તોએ ભાગ લઈ યજ્ઞ દ્વારા વાતાવરણને પવિત્ર બનાવ્યું અને વિશ્વશાંતિ, સુખ-સમૃદ્ધિ તથા સર્વમંગલ માટે પ્રાર્થનાઓ અર્પણ કરી હતી. વેદોમાં યજ્ઞને સર્વોત્તમ સાધના માનવામાં આવી છે, જે મન, વાણી અને કર્મને શુદ્ધ બનાવે છે અને સકારાત્મક ઉર્જાનો સંચાર કરે છે. આ પ્રસંગે માતાજીને આકર્ષક શણગાર સાથે વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. સાથે ધ્વજારોહણ, દર્શન-વંદન અને વિવિધ ધાર્મિક વિધિઓ દ્વારા પાટોત્સવને ગૌરવશાળી બનાવાયો હતો. ગુરુદેવ પંડિત શ્રીરામ શર્મા આચાર્યજી અને માતાજી ભગવતી દેવી શર્માના આશીર્વાદને સ્મરણ કરીને ભક્તોએ આધ્યાત્મિક ઊર્જાનો અનુભવ કર્યો હતો. પાટોત્સવના પાવન અવસર પર ૨૦૦થી વધુ જરૂરિયાતમંદ લોકોને ચશ્મા વિતરણ શિબિરનો લાભ અપાયો હતો. ઉપરાંત બાળકો માટે સુવર્ણપ્રાશન ટીપાં અને એક્યુપ્રેશર શિબિરનું આયોજન કરાયુ હતુ. ઉચ્છાલી દત્ત આશ્રમના નિલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે ગાયત્રી ઉપાસના માનવ જીવનને ઉજ્જવળ બનાવે છે અને સદાચારના માર્ગે આગળ વધવા પ્રેરણા આપે છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ કિશોર ગાંધી, ઉપપ્રમુખ પ્રભાબેન કોન્ટ્રાક્ટર, પંકજભાઈ મોદી, રમેશ ટેલર, નવીનભાઈ પટેલ સહિત અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

### વલસાડમાં રિક્ષા સ્ટેન્ડ પાસે વિડીયો ઉતારવા બાબતે યુવક પર હુમલો

વલસાડ : વલસાડ શહેરમાં એસ.ટી. ડેપો પાસે આવેલા સુપર સાયકલ સ્ટોરની સામે રિક્ષા સ્ટેન્ડ પર સામાન્ય બોલાચાલીમાં એક રિક્ષા ચાલક યુવક પર ત્રણ શખ્સોએ હુમલો કરી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વલસાડ ધોબીતળાવ રહેતા તોસીફ ઉસ્માન પઠાણ (ઉં.૨૬) ગત તારીખ ૧૯/૦૪/૨૦૨૬ ના રોજ રાત્રિના સમયે તેઓ તેમના મિત્ર અસલમ અકબર શેખ સાથે વલસાડ એસટી ડેપો પાસે આવેલા રિક્ષા સ્ટેન્ડ પાસે બેઠા હતા. તે દરમિયાન હકીમ નામનો શખ્સ ત્યાં આવ્યો હતો અને વિડીયો ઉતારવા જેવી બાબતે બોલાચાલી કરી હતી. જોતજોતામાં મામલો બિચક્યો હતો અને હકીમે તેના ભાઈઓ સમીર અને આમીરને ફોન કરીને બોલાવ્યા હતાં. આ ત્રણેય શખ્સોએ ભેગા મળી તોસીફ સાથે ઝપાઝપી કરી ગડદાપાટુનો માર માર્યો હતો. આમીર પઠાણે પોતાની પાસે રહેલું ચપ્પુ કાઢી તોસીફને બતાવી હું પ્રેસમાં છું તેમ કહી ડરાવ્યો હતો. આરોપીઓએ તોસીફનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની અને તેને જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતાં. આ મામલે તોસીફ પઠાણે વલસાડ પોલીસ સ્ટેશનમાં આમીર પઠાણ, સમીર પઠાણ, હકીમ સામે ફરિયાદ નોંધાવી હતી.

### આછવણીના પ્રગટેશ્વર શિવ પરિવારે સુરતમાં ૧૦૮ કુંડી મહાવિષ્ણુ યજ્ઞ યોજ્યો



ખેરગામ : આછવણીના પ્રગટેશ્વર મહાદેવ મંદિરના ધર્માચાર્ય પરભુદાદા અને રમાબાની પ્રેરણાથી અશ્વિનીકુમાર રોડ સ્થિત ત્રણ પાનવડ મંદિરે ભવ્ય ૧૦૮ કુંડી મહાવિષ્ણુ યજ્ઞ યોજાયો હતો. યજ્ઞ પૂર્વે તીર્થ પૂજા, ધજા પૂજન તથા તાપી માતાનું પૂજન કરીને દેવી-દેવતાઓને યજ્ઞમાં પધારવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. બાદમાં ભૂદેવો કશ્યપભાઈ, અનિલભાઈ, ગૌતમભાઈ અને નરેશભાઈ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞવિધિ વિધિવત રીતે પૂર્ણ કરાઈ હતી. આ અવસરે ધર્માચાર્ય પરભુદાદાએ આશીર્વચન પાઠવતાં જણાવ્યું હતું કે, જીવનમાં સારા કર્મ, સત્ય અને સદાચારનું મહત્વ ખૂબ છે. બ્રાહ્મણો જ્ઞાન અને સંસ્કારની પરંપરા જાળવી રાખે છે અને તેમના માર્ગદર્શનથી જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. પવિત્ર તાપી નદીના કિનારે આવા સત્કર્મ કરવાનો અવસર મળવો એ સૌ માટે શુભ સંયોગ છે, તેથી દરેકે સદાય સારા કાર્યો કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. પ્રગટેશ્વર સેવા સમિતિના પ્રમુખ બિપીન પરમારે જણાવ્યું હતું કે, દાદા-બાના આશીર્વાદથી વિવિધ તીર્થસ્થળોમાં યજ્ઞ આયોજન કરવામાં આવી રહ્યા છે. તા. ૨૩ મે, ૨૦૨૬ના રોજ વીરપુરમાં યોજાનાર આગામી યજ્ઞમાં ઉપસ્થિત રહેવા સૌને જણાવ્યું હતું. મંદિરના પૂજારી વિજયદાસ બાપુ તેમજ અન્ય સેવાભાવી લોકોએ યજ્ઞ આયોજનમાં મહત્વપૂર્ણ સહકાર આપ્યો હતો. યજ્ઞમાં ગુજરાત અને મહારાષ્ટ્રના શિવપરિવારના સભ્યો મોટી સંખ્યામાં શ્રદ્ધાપૂર્વક જોડાયા હતા.

### સુરતની કોલેજના એસોસિયેટ પ્રોફેસર પીએચ.ડી. થયા

ઘેજ : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે મનોવિજ્ઞાન વિષયમાં પીએચ.ડી. સ્તરની શૈક્ષણિક રજૂઆત યોજાઈ હતી. આ પ્રસંગે સંશોધક દિનાબેન મગનલાલ પટેલે આદિજાતિ પરિવારોમાં વાલીપણાનું વર્તન, ઘરનું વાતાવરણ અને બાળકોના સુખાકારીનો તુલનાત્મક અભ્યાસ વિષય પર તેમના સંશોધન કાર્યનું પ્રસ્તુતિકરણ કર્યું હતું. દીનાબેન પટેલ હાલમાં સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, લિંબાયત-સુરત ખાતે મનોવિજ્ઞાન વિભાગમાં એસોસિયેટ પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા છે. તેમના આ સંશોધન કાર્યને માર્ગદર્શન ડો.પારુલબેન એચ. દેસાઈએ આપ્યું હતું. જે શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુરમાં મનોવિજ્ઞાન વિભાગના એસોસિયેટ પ્રોફેસર તરીકે કાર્યરત છે. પ્રસ્તુત સંશોધન આદિજાતિ પરિવારોમાં વાલીપણાંના વર્તન, ઘરનું વાતાવરણ અને બાળકોના સુખાકારી વચ્ચેના સંબંધોને સમજવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ અભ્યાસ સમાજશાસ્ત્રીય અને મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી ઉપયોગી સાબિત થશે અને શૈક્ષણિક ક્ષેત્રમાં નવા માર્ગદર્શન પૂરું પાડશે. આ શૈક્ષણિક રજૂઆતમાં ઉપસ્થિત નિષ્ણાતો અને પ્રાધ્યાપકો દ્વારા સંશોધન કાર્યની પ્રશંસા કરવામાં આવી હતી અને વિષયની પ્રાસંગિકતા પર ભાર મુકાયો હતો.

### ડાંગનાં ઝાવડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને NQASનું નેશનલ સર્ટી એનાયત

સાપુતારા : ડાંગ જિલ્લાના વઘઇ તાલુકામાં સમાવિષ્ટ ઝાવડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને NHSRC (National Health Systems Resource Centre) દિલ્હીની ટીમ દ્વારા એસેસમેન્ટ કરી નેશનલ હેલ્થ મિશન અંતર્ગત (National quality assurance standards, NQAS) માટે રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. સાકરપાતળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આવનાર દર્દિઓને ગુણવત્તા સભર સારવાર મળી રહે તે માટે અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે. અહીં ઉપલબ્ધ તમામ વિગતોનું નિરીક્ષણ કરીને દિલ્હીની ટીમ દ્વારા આ પ્રમાણપત્ર આપવામાં આવેલું છે. આ પ્રમાણપત્ર ભારત સરકાર, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય. નવી દિલ્હી તરફથી એનાયત કરવામાં આવેલું છે. જેમાં તેઓએ ૮૬.૫૭ ટકા મેળવેલા છે.

# નકલી દસ્તાવેજોથી પાસપોર્ટ મેળવવાના કૌભાંડનો પર્દાફાશ

**સુરત** પાસપોર્ટ ઓફિસમાં ખોટા દસ્તાવેજો રજૂ કરીને પાસપોર્ટ મેળવવાની પ્રક્રિયા કરનાર બે ઝડપાયા



વલસાડ : નકલી નામ-સરનામા આધારિત ખોટા દસ્તાવેજો બનાવી પાસપોર્ટ મેળવવાનો રેકેટ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) વલસાડે પર્દાફાશ કર્યો છે. આ મામલે બે આરોપીઓને ઝડપી લઈ તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, વલસાડ જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ SOG દ્વારા નકલી દસ્તાવેજો બનાવતા તત્વો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે તપાસ કરતાં જાણવા મળ્યું કે આરોપીઓએ સુરત પાસપોર્ટ ઓફિસમાં ખોટા દસ્તાવેજો રજૂ કરીને પાસપોર્ટ મેળવવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

આ અંગે વલસાડ ટાઉન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા તથા પાસપોર્ટ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ SOG ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે વાપી GIDC વિસ્તારમાંથી આરોપીઓને ઝડપી પાડ્યા હતાં.

પકડાયેલા આરોપીઓમાં પ્રજ્ઞેશ ઉર્ફે ટાલો રાયચંદ પટેલ અને ભાવિક રાયચંદ પટેલ (બંને મૂળ દમણના રહેવાસી)નો સમાવેશ થાય છે. પૂછપરછ દરમિયાન તેમણે યુકે વિઝા મેળવવાના હેતુથી દમણના એજન્ટ મારફતે નકલી દસ્તાવેજો તૈયાર કરાવી પાસપોર્ટ માટે અરજી કરી હોવાની કબૂલાત કરી છે. મુખ્ય આરોપી પ્રજ્ઞેશ પટેલ અગાઉ પણ વલસાડ રૂરલ અને સુરત ગ્રામ્ય (માંગરોલ) પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલો હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીઓ પાસેથી બે મોબાઇલ ફોન પણ કબજે કર્યા છે અને સમગ્ર રેકેટ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# પારડીના દોલતનગરમાંથી લાખોની કિંમતનું બ્રાઉન હેરોઈન ઝડપાયું

**રૂપિયા** 1.27 લાખના બ્રાઉન હેરોઈન સાથે એક ઈસમ ઝડપાયો, વડોદરાનો સપ્લાયર વોન્ટેડ



પારડી : રાજ્યમાં આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને પોલીસ પ્રશાસન જ્યારે સજ્જ બન્યું છે, ત્યારે પારડી પોલીસે બાતમીના આધારે એક મોટી સફળતા મેળવી છે. પારડીના દોલતનગર વિસ્તારમાં પોલીસે દરોડા પાડીને લાખોની કિંમતનું બ્રાઉન હેરોઈન ઝડપી પાડ્યું છે.

ચૂંટણીના માહોલમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે એલર્ટ બનેલી પારડી પોલીસને બાતમી મળી હતી કે, દોલતનગર વિસ્તારમાં આવેલી વિશ્રામ હોટલ પાછળના અલીફ રો-હાઉસમાં એક શખ્સ નશીલા પદાર્થનું વેચાણ કરી રહ્યો છે. પારડી પીઆઈ જી.આર. ગઢવી અને તેમની ટીમે તુરંત એક્શનમાં આવી આ મકાનમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન બેડરૂમમાં રાખેલા લાકડાના કબાટમાંથી પોલીસને છૂટક વેચાણ માટે રાખેલું બ્રાઉન હેરોઈન મળી આવ્યું હતું.

પોલીસે આ દરોડા દરમિયાન 6 ગ્રામ 380 મિલીગ્રામ બ્રાઉન હેરોઈન જપ્ત કર્યું છે, જેની બજાર કિંમત અંદાજે 1.27 લાખ રૂપિયા જેટલી થાય છે. આ સાથે જ પોલીસે 45 વર્ષીય અસફાક સફીઉલ્લા શેખની ધરપકડ કરી છે. હેરોઈન અને બે મોબાઈલ ફોન મળીને પોલીસે કુલ 1,53,100 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને તેની વિરુદ્ધ NDPS એક્ટ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. પકડાયેલો અસફાક આ નશીલો પદાર્થ વડોદરાના બાજ (સરદાર) નામના વ્યક્તિ પાસેથી લાવ્યો હોવાનું સામે આવ્યું છે. હાલ પારડી પોલીસે વડોદરાના આ સપ્લાયરને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ તેજ કરી છે. ચૂંટણીના ટાણે જ આટલી મોટી માત્રામાં ડ્રગ્સ પકડાતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને પોલીસ આ નેટવર્ક ક્યાં સુધી ફેલાયેલું છે તેની ઉંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

# સિયાદાની પોસ્ટ ઓફિસમાં ઉચાપત કરનાર પોસ્ટ માસ્તરને એક વર્ષની કેદ

**ચીખલીની** એડિશનલ ચીફ જ્યુડિશિયલના મેજિસ્ટ્રેટે 20 વર્ષ જૂના કેસમાં 10000નો દંડ ફટકારવાનો હુકમ પણ કર્યો

ઘેજ : ચીખલીની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા સિયાદા ગામની પોસ્ટ ઓફિસમાં ઉચાપત કરનાર તત્કાલીન પોસ્ટ માસ્તરને એક વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકારવાનો હુકમ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ ચીખલી તાલુકાના સિયાદા ગામની પોસ્ટ ઓફિસમાં પોસ્ટ માસ્તર તરીકેની ફરજ દરમ્યાન ધીરુભાઈ ભગુભાઈ પટેલે (રહે.સિયાદા દારા ફળિયા તા.ચીખલી) એ ૦૧/૦૯/૨૦૦૧ થી ૧૨/૦૭/૨૦૦૪ દરમ્યાન પોસ્ટના સેવિંગ્સ અને રિકરીંગ ખાતેદારોની પાસબુકમાં ભરેલા પૈસાના સહી સિક્કા કરી આપ્યા હતા. પરંતુ આ રકમ સરકારી રેકર્ડ પર નહીં ચઢાવી ૧૦૦૦ રૂપિયાની હંગામી તથા ૩૯,૧૫૦ રૂપિયાની કાયમી ઉચાપત કરી પોતાના અંગત કામે વાપરી નાખતાં જે અંગે ચીખલી પોસ્ટ ઓફિસના તત્કાલીન ઈન્સ્પેક્ટર દ્વારા ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ઉપરોક્ત ગુનાનો કેસ અત્રેની એડી ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી આવતા આરોપી, સાહેદોના નિવેદનો નોંધી સરકારી વકીલ યોગેશભાઇ પટેલની આરોપી વિરૂધ્ધ ધારદાર દલીલોના અંતે ન્યાયાધીશ વિજયકુમાર ચૌહાણ દ્વારા સિયાદા પોસ્ટ ઓફિસના તત્કાલીન પોસ્ટ માસ્તર ધીરુભાઈ ભગુભાઈ પટેલને એક વર્ષની સખત કેદની સજા અને 10000 રૂપિયાનો દંડ ફટકારવાનો હુકમ કરવામાં આવ્યો છે. ઉપરોક્ત ચુકાદો વીસ વર્ષ બાદ આવ્યો હતો.

# મોટી ભમતી શાળામાં નવનિર્મિત શૌચાલયનો સ્લેબ બેસી ગયો

**ઉપયોગ** પૂર્વે જ બાંધકામમાં તિરાડો પડતા કોન્ટ્રાક્ટરની કામગીરી સામે સવાલો, તપાસની માંગ



નિલેશ કાપડિયા

### હું તપાસ કરાવી લઉં છું : ટી.ડી.ઓ., વાંસદા

મોટી ભમતી પ્રાથમિક શાળામાં શૌચાલયનો સ્લેબ બેસી જવાની ગંભીર ઘટના બાબતે જ્યારે વાંસદા તાલુકા વિકાસ અધિકારી (TDO) નો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે ટૂંકો પ્રતિસાદ આપતા જણાવ્યું હતું કે, આ બાબત મારા ધ્યાને આવી છે અને હું સત્વરે તેની તપાસ કરાવી લઉં છું.

વાંસદા: નવસારી જિલ્લાના વાંસદા તાલુકા અંતર્ગત આવતા મોટી ભમતી ગામની સરકારી પ્રાથમિક શાળામાં ભ્રષ્ટાચારનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. અહીં આશરે સાત-આઠ મહિના પૂર્વે જ વિદ્યાર્થીઓની સુવિધા માટે લાખોના ખર્ચે શૌચાલય બનાવવામાં આવ્યું હતું, પરંતુ તેનો વિધિવત ઉપયોગ શરૂ થાય તે પહેલા જ સ્લેબ બેસી જવાની ઘટના બની છે. આ ઘટનાને પગલે કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવેલા બાંધકામની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

મોટી ભમતી ગામના મંદિર ફળિયામાં આવેલી આ પ્રાથમિક શાળાના શૌચાલય નિર્માણ દરમિયાન અત્યંત હલકી કક્ષાનું મટીરિયલ અને ગુણવત્તાહીન સામગ્રી વાપરવામાં આવી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. નવનિર્મિત સ્લેબ બેસી જવાને કારણે આગામી ચોમાસામાં પાણી ટપકવાની તેમજ આખું માળખું ધરાશાયી થવાની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે સંબંધિત અધિકારીઓની મિલીભગત અને કોન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે સરકારના લાખો રૂપિયાનો ધુમાડો થઈ રહ્યો છે.

ટ્રાયબલ વિસ્તારની શાળાઓમાં બાળકોના ઉત્કર્ષ માટે સરકાર દ્વારા અનેક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. પરંતુ, યોગ્ય દેખરેખના અભાવે આવા કામો કાગળ પર મજબૂત અને વાસ્તવિકતામાં અત્યંત નબળા સાબિત થતા હોય છે. આ કિસ્સામાં પણ ઉચ્ચ અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### છીરીમાં લગ્નપ્રસંગમાં નજીવી બાબતે લાકડા-કોયતા ઉછળ્યા

વાપી : વાપી નજીકના છીરી, રણછોડનગર, હનુમાન મંદિરની સામે આવેલી ચાલીમાં જય ઉર્ફે કાલીયા રવિ પંડારામ (ઉં.26) રહે છે. ગત તા.20-4-26 ના રોજ રાત્રિના સાડા નવેક વાગ્યાની આસપાસ સોસાયટીમાં લગ્નપ્રસંગ હતો અને ડીજે પણ વાગી રહ્યુ હતુ. જેમાં શેરબહાદુર સીંઘ, કુંદન જાદવ, અંકિત જયસ્વાલ, મીત્યો ઉર્ફે મિતેશ પટેલ (તમામ રહે. છીરી, રણછોડનગર, ગાયત્રી કોમ્પ્લેક્સ, વાપી) લગ્નપ્રસંગમાં નાચતા હતા અને તેઓ ચાલીમાં રહેતા દિલખુશ સાથે ધક્કામુક્કી કરતા હોય જેથી તેઓને સમજાવવા જય ઉર્ફે કાલીયા ગયો હતો. તે સમયે ચારે ઈસમોએ ઝઘડો કર્યો હતો અને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. શેરબહાદુરે લાકડા વડે માથાના ભાગે ફટકાઓ માર્યા જ્યારે અંકિતે કોયતા વડે મારતા હાથની આંગળીઓ ઉપર ઘા થયા હતાં. ત્યારબાદ તેઓ ભાગી છૂટ્યા હતાં. બનાવ અંગે મારામારી કરનારા ચારેય ઈસમો સામે વાપી ડુંગરા પોલીસ મથકમાં જય પંડારામે ફરિયાદ નોંધાવી હતી.

**બેદરકારી** | કરોડોના ખર્ચે રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું નિર્માણ કરાયુ પણ હાઈવે 'ડેન્જર ઝોન'માં ફેરવાઈ ગયો

# આહવા-ગલકુંડ માર્ગ પર પુલની લોખંડી એન્ગલ બની 'મોતનો ફાંસો'

**ડાંગ** NHAI ની લાપરવાહી સામે ટાંકલીપાડાના યુવાનોએ લોખંડની એન્ગલ દૂર કરી જાનહાનિ ટાળી



ગીરીશ ભોયે

સાપુતારા : સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું નિર્માણ તો કરવામાં આવે છે, પરંતુ તેના મેન્ટેનન્સ અને સુરક્ષા મામલે તંત્ર કેટલી હદે નિંભર છે તેનો પુરાવો આહવા-ગલકુંડ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર જોવા મળ્યો છે. આ માર્ગ પર આવેલા ટાંકલીપાડા ગામ નજીકના પુલના કોંક્રિટમાંથી અચાનક એક લાંબી લોખંડની એન્ગલ ઉખડીને ઉપર આવી જતાં હાઈવે 'ડેન્જર ઝોન'માં ફેરવાઈ ગયો હતો. નેશનલ હાઈવે ઓથોરિટીની ગંભીર બેદરકારીને કારણે પુલની આ એન્ગલ રસ્તાની વચ્ચે ફૂટ પટ્ટીની જેમ બહાર નીકળી આવી હતી. પુરપાટ ઝડપે દોડતા વાહનો, ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે આ એન્ગલ લોખંડી ફાંસો બની શકે તેમ હતી. જો કોઈ વાહનનું ટાયર આ એન્ગલમાં ભરાઈ ગયું હોત અથવા રાત્રિના અંધારામાં કોઈ ચાલક તેને જોઈ ન શક્યો હોત, તો મોટી જાનહાનિ થવાની પૂરેપૂરી શક્યતા હતી. તંત્રના અધિકારીઓ કદાચ કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોઈને બેઠા હોય તેવું ચિત્ર અહીં સ્પષ્ટપણે ઉપસી રહ્યું છે. જેથી ગામના યુવાનો દેવદૂત બની આવ્યા. જ્યારે જવાબદાર તંત્ર ઘસઘસાટ ઊંઘતું હતુ. ત્યારે ટાંકલીપાડા ગામના સ્થાનિક જાગૃત યુવાનોએ પોતાની સામાજિક જવાબદારી નિભાવી હતી. રસ્તા વચ્ચે નીકળી આવેલી આ જોખમી એન્ગલને કારણે અકસ્માત સર્જાય તે પહેલાં જ આ યુવાનોએ ભારે જહેમત ઉઠાવી એન્ગલને ત્યાંથી દૂર કરી હતી. યુવાનોની આ સમયસૂચકતાને કારણે સંભવિત અકસ્માત ટળ્યો હતો અને કેટલાય મુસાફરોનો જીવ બચ્યો હતો.

### ભ્રષ્ટાચાર અને નબળા કામ સામે રોષ

આ ઘટનાએ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઓથોરિટીની નબળી ગુણવત્તા અને નિરીક્ષણના અભાવની પોલ ખોલી નાખી છે. શું કરોડોના ટેક્સ ઉઘરાવતી ઓથોરિટીના અધિકારીઓ એસી ઓફિસોમાંથી બહાર નીકળી માર્ગોની ચકાસણી કરશે ખરા? સ્થાનિક લોકોમાં રોષ છે કે જો પુલની આવી હાલત હોય, તો વરસાદની સિઝનમાં અથવા વધુ ટ્રાફિકના સમયે આ પુલ ગમે ત્યારે ધરાશાયી થઈ શકે છે. લોકોની માંગ છે કે આ મામલે જવાબદાર કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને સમગ્ર માર્ગનું સઘન નિરીક્ષણ કરવામાં આવે.